શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૫

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૯/૬/૧૪ ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ ગાર્ડન સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

**૧.** ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.

**૨.** ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત..

**૩.** અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.

**૪.** અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

**સહી** – પુષ્પા ગોહીલ

**તા.** ૩૧/૦૫/૨૦૧૪ મંત્રી

**ખાસ નોંધ:**

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

## વાર્ષિક સંમેલન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું પાંત્રીસમું વાર્ષિક સંમેલન તા.૨૯/૬/૧૪ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય પર રાખવામા આવેલ છે.

સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / સૂચનો આવકાર્ય છે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

***– ટપક ટીમ***

***કેળવણી તો વાસનાઓની રીફાઈનરી છે.***

## જૈવિક પધ્ધતિ અને કોઠાસુઝ અપનાવો, ખેતીને 'નફાકારક' બનાવો.

સખત રીતે મહેનત કરવાને બદલે ચપળ રીતે મહેનત કરવામા આવે તો સફળ થવાની તકો વધી જાય છે. ખેતીને સમસ્યા મુકત બનાવવા અહીં કેટલાક કીમીયા શ્રી કાંતીભાઈ દુદાણીએ ગ્રામસેતુ માં રજુ કર્યા હતા તે અહી સાભાર રજુ કરેલ છે.

૧. ચાવીને ખાનાર કીટક નિયંત્રણ માટે મમરા–ધાણીનો ઉપયોગ કરવો.
૨. ચુસીયાને કાબુમાં રાખવા મરચા, ડુંગળી અને લસણના ઉકાળામાં બજર નાખી છંટકાવ કરવો.
૩. ગાભામારાની ઈયળ ધાન્ય વર્ગના પાકમાં આવે છે જેના નિયંત્રણ માટે રેતી ઉપર બજર છંટકાવ કરી પાકની ભુંગળીમાં છાંટવાથી કાબુમાં આવશે.
૪. ફૂંગજન્ય રોગમાં કેળનું પાણી, એરંડીયું તેલ, થોરવું દૂધ ઉપયોગી બનશે.
૫. કિટકના ફુદાઓ માટે તુલસી અને મરવો વાવો. ફુદાઓની પ્રજનન ક્રિયા અટકશે.
૬. થ્રીપ્સ માટે કુંવારપાંઠું નો ગર્ભ પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
૭. સફેદ માખી નિયંત્રણ માટે લેન્ટેના (ગાંધારી) પાંદ ફૂલ પાણીમાં ઉકાળી છંટકાવ કરવો.
૮. કોકડવાના રોગ માટે આછો ચૂનો, કેરોસીન અને ખાટી છાશ મિશ્રણ કરી છાંટો.
૯. મીલીબગના ઉપદ્રવ સામે લીબુનો રસ પંપમાં નાખી છાંટવું
૧૦. નાળીયેરીમાં મેઢના નિયંત્રણ માટે પ્લાન્ટેશનમાં પીળો ચંપો વાવો, ફુલની સુગંધથી મેઢ દુર રહેશે.
૧૧. જીરામાં ચરમી આવે ત્યારે ધતુરાના પાંદ અને કુંવારપાઠુંનો ઉકાળો બનાવી છાંટવો.
૧૨. જુવારમાં આગીયાના નિયંત્રણ માટે વચ્ચે કોથમીર નાખવી.
૧૩. લસણના પાકમાં સૂક્ષ્મ જીવાત થ્રીપ્સ વિ. અટકાવવા વચ્ચે ધાણાનું વાવેતર કરો.
૧૪. પાકમાં ગેરૂ આવે ત્યારે પિયત ઘટાડવું, ઉંટના શરીરનું કોઈપણ હાડકું પાણીમાં ધોરીયામાં મુકી રાખવું જેથી ફુગ અટકી ગેરૂ નિયંત્રણ કરશે.
૧૫. કપાસના પાકમાં એરંડા પીંજર પાક તરીકે વાવો, રોગ–જીવાત ઓછા આવશે.
૧૬. મગફળીના પાકમાં મકાઈની છાંટ નાખો. મગફળીમાં જીવાત ઘટશે.
૧૭. કોબીના પાકમાં વચ્ચે ફણસી વાવો ગોર–જીવાત ઘટશે.
૧૮. મગફળીનાં ટીક્કા રોગ માટે હીંગ વાવણીમાં ખાતર સાથે મેળવવી.
૧૯. કપાસમાં લીલી ઈયળ આવે ત્યારે અરણી, ધતૂરો, સીતાફળીના પાંદ, લીંબડાના પાંદ અને બાજરાનો જૂનો લોટ પાણીમાં ઉકાળી છાંટવો.
૨૦. મૂળખાઈ આવે ત્યારે ડુંગળી–લસણ કંદના કૂચડા કરી પાંદ સહિત જમીનમાં દાટી દેવાથી તેની તીવ્ર વાસથી મૂળખાઈનો ઉપદ્રવ ઘટશે.
૨૧. એરંડામાં ઘોડીયા ઈયળ વખતે મમરા–ધાણી છાંટો પક્ષીઓ આવીને ઈયળ ખાઈ જશે.
૨૨. મકાઈમાં કાતરા આવે ત્યારે પાક ફરતા આંકડાના પાંદ નાખો, કાતરા તે જ ખાશે.
૨૩. જમીનમાં ઉંધઈનો ઉપદ્રવ હોય તો ગેરૂ, બળેલ ઓઈલ, આંકડાના પાંદ, કરોસીન,

એરંડી ખોળ, લીંબોળીનો ખોળ વિગેરેનો ઉપયોગ કરો.

૨૪. ચણામાં પોપટા ખાનાર ઈયળ આવે તો અરડૂસી ના ટોચના પાંદ અને છાસ મિશ્ર કરી ઉકાળી છાંટવા.

૨૫. પાકમાં ઉંદરના નિયંત્રણ માટે વચ્ચે કોઈક સૂર્યમુખીના પ્લાન્ટ વાવો, સૂર્યમુખીના ઉંચા વળેલા પ્રકાશ ઉપર રાત્રે ઘુવડનું નિવાસ સ્થાન બનશે જે ઉંદરો ખાઈ જશે.

૨૬. રીંગણમાં સફેદ માખી જોઈએ ત્યારે ૧૦ ગ્રામ હીંગ કપડામાં બાંધી પાણીના નાકા પાસે રાખવી.

૨૭. ઘાસની ગંજી કરો ત્યારે જમીન ઉપર થોરનાં ટૂકડા મુકો, થોડું મીઠું છાંટો ઉધઈ–જીવાત ન થાય.

૨૮. પિયત આપો ત્યારે હંમેશા ધોરિયામાં ડાભડાનો પૂળીયો અને આંકડાનો પૂળીયો કરી રાખો. પાણી તેમાંથી પસાર થશે. પાણીનો ટીડીએસ ઘટશે.

૨૯. આંબામાં 'મધિયો' રોગના નિયંત્રણ માટે દર પંદર દિવસે ગૌ–મૂત્ર અને રતનજયોત (જેટ્રોફા)નું દ્રાવણ બનાવી છંટકાવ કરવાથી કાબુમાં આવશે.

૩૦. પાન વાળનાર (લીફટ ફોડર) પાન ખાનાર ઈયળ માટે કુંવારપાઠું તમાકુનો ભૂકો, લીંબોળીનો ભૂકો, યા તો લીંબોળીનું તેલ બધુ જ ૫૦૦ ગ્રામના પ્રમાણમાં લઈ ૨૦૦ લીટર પાણીમાં મેળવી, પંપમાં ૨૨ મીલી પ્રમાણે છંટકાવ કરવાથી કન્ટ્રોલ થશે.

૩૧. પાકમાં ભૂંડ, રોઝ, નિલગાય, હરણ વિગેરે નુકશાન કરે ત્યારે ખાટી છાશ મહુડાના ફુલ, સિંહની સુકી લાદ (છાણ) પાણીમાં પલાળી આ બધું શેઢા ઉપર યા તો આ બધાના આવવાના રસ્તામાં દર દસ દિવસે નાખવાથી તેમની દુર્ગંધ કે સિંહની પ્રતિતિ થવાની બીકે આવતા અટકશે.

૩૨. ડ્રીપ ઈરીગેશનમાં ડ્રોપરની જગ્યાએ રેતી ઢગ કરવાથી પાણી–ભેજ લાંબો વખત સચવાશે.

૩૩. આંબાવાડીમાં સૂર્યમૂખી, ગલગોટા જેવા ફૂલો કાયમી રાખો જીવાત ઉપદ્રવ ઘટશે. અને મધમાખી વિગેરે વધશે, ફલાવરીંગ સારૂં થશે, ઉત્પાદન વધશે, ફળ ખરણ ઘટશે.

૩૪. વનસ્પતિના ઝડપી વિકાસ માટે ખાખરાના ફૂલને પાણીમાં ચાર–પાંચ કલાક પલાળી મૂળ થડ આસપાસ મુકવાથી વૃધ્ધિ થશે.

૩૫. ગુલાબમાં વધુ ફુલ લાવવા–ફુલ લાંબો વખત ફ્રેશ રાખવા ચોખા (ભાત)નું ઓસામણ સારુ.

**માપન**

| | |
|---|---|
| *એસિલોગ્રાફ :* | વિદ્યુત પ્રવાહની ધ્રુજારી માપવી. |
| *કાર્ડિયોગ્રાફ :* | હદયના દબાણની અસર નોંધતું સાધન |
| *કેસ્કોગ્રાફ :* | વનસ્પિતીને થતાં સંવેદનો દર્શાવતુ સાધન |
| *ટેલીગ્રાફ :* | તાર સંદેશો નોંધનાર સાધન |
| *થર્મોગ્રાફ :* | દિવસના ઉષ્ણતામાનની અસરવાળો ગ્રાફ બતાવતું સાધન |
| *સિનેમેટોગ્રાફ :* | હાલતાચાલતા ચિત્રની ફિલ્મ બનાવતું સાધન |
| *સિસ્મોગ્રાફ :* | ધરતીકંપ માપક સાધન |

***વિચાર કરતા જ્ઞાન સારું.***

## બેટર કોટન ઈનીશ્યેટીઝ

આજીવીકા અને આવક વધારવી, સપ્લાય ચેઈનમાં સારા કોટન માટે ખાતરી, કપાસના ઉત્પાદનની પર્યાવરણીય અસર, વિશ્વનીયતા અને ટકાઉપણું જેવા ઉદેશો સાથે બેટર કોટન એશ્યુરન્સ પ્રોગ્રામ કોટન કનેકટ, કોસ્ટલ સેલીનીટી પ્રીવેન્શન સેલ અને એસએસકેકે દ્વારા શરુ થયેલ છે.

ઓછામા ઓછું પર્યાવરણીય નુકશાન થાય એ માટે સંકલિત જીવાત નિયંત્રણનો ઉપયોગ કરવો. દવા ખાતરનો ઓછો ઉપયોગ કરવો. 'ડબ્લયુએચઓ'ની ખરાબ અસરવાળા દવાનું લીસ્ટ છે તેનો ઉપયોગ કરવો નહી.

જમીન માવજત માટે રાસાયણિક ખાતર, સેન્દ્રિય ખાતર, એરંડા ખોળ, જીપ્સમનો ઉપયોગ માટી પરિક્ષણની ભલામણ મુજબ કરવો.

કપાસની ગુણવતાની જાળવણી માટે વિવિધ પધ્ધતિઓ અને જાણકારી ખેડુતો સુધી પહોંચાડવાની બાબત આ કાર્યમાં સામેલ છે.

હેલ્થ અને સેફટી માટે દવા છાંટતી વખતે હાથ પર મોજા તથા પગે હોલ બુટ પહેરવા, હાથ મો ધોઈને ખાનપાન, દવાના ખાલી ડબલાનો નાશ કરવો. બાળકો પાસે કામ કરાવવું નહી. જે માટે જાગૃતિ લાવવા માટે પ્રયત્ન કરવા જેથી શાળા, એસએમસી, વાલી સાથે સંકલન સાધવાનું રહેશે.

આ કાર્ય શરુ કરવા પ્રોડયુસર યુનિટ મેનેજરની તાલીમ અમદાવાદ ખાતે તા. ૧૩ થી ૧૬ દરમ્યાન થઈ અને ત્યાર બાદ તા. ૧૯–૨૦ દરમ્યાન તરઘડીયા કેવીકેમાં પુરી ટીમની ટેકનીકલ તાલીમ મોડયુલ–૧ (ટીઓટી) યોજાઈ જેમાં કૃષિ આધારિત પાક ઉત્પાદનોના સંદર્ભે અને ખાસ કરીને કપાસની ખેતી આધારીત ખેડુતોના જીવનધોરણ અને ખેતી પધ્ધતિમાં બદલાવ લાવવાની બાબત મુખ્ય રહી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રોફેસરો તેમજ ડોકટરો દ્વારા આ તાલીમ અપાઈ હતી.

સ્વાસ્થય, સંરક્ષણ, પર્યાવરણ, પાણી અને ખાતરનું વ્યવસ્થાપન, ખેતીની વિવિધ પધ્ધતિઓ, કુદરતી સંસાધનો અને તેના ઉપયોગોની બાબતો ડો. જે. બી. કથીરીયા ડો. બી.એમ. પટેલ ડો. કાબરીયા ડો. જોષી ડો. ડી. પી. સોનપરા ડો. ડી.એમ. સરરવા દ્વારા સમજાવાઈ હતી.

અંતમાં કોટન કનેકટના સીનીયર પ્રોગામ ઓફિસર સમીર પંડિતે પ્રશ્નોત્તરી કરી તાલીમની પૂર્ણાહુતી કરી હતી.

તા. ૨૯–૩૦ દરમ્યાન બીસીઆઈ એશ્યુરન્સ પ્રોગ્રામના તમામ ઘટકો સમજવા તથા અમલીકરણના પ્રાથમિક તબકકાઓમાં કરવાની કામગીરીની સમજ માટે શ્રી હરદીપ દેસાઈ તથા સમીર પંડીતએ સંસ્થાની પુરી ટીમ માટે બૈઝીક તાલીમ યોજી હતી.

***શિક્ષણ ચોવીસ કલાકની ઉપાસના અને લગની છે.***

## અનાથ બાળક

લંડનમાં રહેતો એક અનાથ બાળક પોતાનું પેટ ભરવા માટે નાના મોટા કામો કરતો હતો. કયારેક છાપા વેંચાવાનું કામ કરે તો કયારેક ફુલ વેચવાનું કામ કરે. રહેવા માટે કોઈ મકાન ન હતું એટલે એ એક તબેલામાં રહેતો હતો. છાપા વેંચતી વખતે એને વાંચવાની ટેવ પડી એ નવરો પડે એટલે જુના છાપાઓ હાથમાં લઈને વાંચવા માટે બેસી જાય. એને અભ્યાસ કરવાની બહુ ઈચ્છા થઈ પરંતુ ભણવા માટેના પૈસા કયાંથી લાવવા?

૧૩ વર્ષની ઉમરે એણે એક 'બુક બાઈન્ડરને ત્યાં નોકરી શરૂ કરી જેથી પેટ માટે ખાવાનું થાય અને વાંચનની ભુખ પણ સંતોષાય. એક વખત એના હાથમા એક લેખ આવ્યો જેમાં ઈલેકટ્રીસીટી વિષે લખવામાં આવ્યું હતું. એણે આ લેખ ઘણીવાર વાંચ્યો અને થોડા પોતાના વિચારોને આધારે એણે ઈલેકટ્રીસીટી બનાવવા માટે એક પ્રયોગ કર્યો. એક સદગૃહસ્થે આ પ્રયોગ કરતા જોયો એટલે એણે આ છોકરામાં કંઈક દમ છે એવું લાગ્યું એટલે પ્રખ્યાત વૈજ્ઞાનિક સર હમ્ફી ડેવીનું લેકચર સાંભળવા આ છોકરાને પોતાની સાથે લઈ ગયા.

લેકચર સાંભળ્યા બાદ આ બાળકે હમ્ફીના લેકચરની સરસ નોંધ લખી અને એ નોંધની સાથે પોતાની ટિપ્પણી પણ લખી આ નોંધ સર હમ્ફ્રી ડેવીને મોકલી આપી. ડેવી આ છોકરાના વિચારથી ખુબ પ્રભાવિત થયા અને પોતાની પ્રયોગશાળામાં જ એને નોકરી પર રાખી લીધો. આ છોકરાના મનમાં એક ભુત સવાર હતું કે ઈલેકટ્રીસીટી બનાવવી. એ સતત આ માટે પ્રયાસો કરતો હતો. અનેક પ્રયાસોની નિષ્ફળતા બાદ પોતાના પ્રયોગમાં સફળ રહયો.

આ અનાથ બાળક એટલે જગતને વિજળી– ઈલેકટ્રીસીટીની ભેટ આપનાર મહાન વૈજ્ઞાનિક માઈકલ ફેરેડે.

મિત્રો જરા કલ્પના તો કરો કે જો વિજળી ન હોત તો આપણું આજનું આ જીવન કેવું અંધકારમય હોત.

## મારૂ ખેતર સાત વખત વાવેતર

આ કાર્યક્રમ હેઠળ જુનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના તમામ ૧૪ તાલુકાઓના ખેડૂતોને આવરી લઈ ગત માસથી શરૂ થયેલ ગતિવિધિઓમાં ખેડૂતોને ઉપયોગી કૃષિ ઈનપુટ કીટ તૈયાર કરવામાં આવી હતી જેમાં દવા, બિયારણ, ફેરોમેનટ્રેપ તથા ખાતર સહિતના તમામ પ્રકારના ઈનપુટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અને તે માટે જરૂરી સાહિત્ય તૈયાર કરી કીટ સાથે આપવામાં આવેલ છે.

આ માસમાં શરૂ થયેલ કૃષિરથના કાર્યક્રમની સાથે સાથે આ કૃષિ ઈનપુટ કીટ દરેક ગામે પસંદગી પામેલ ખેડૂતોને આપવામાં આવી રહી છે અને આ કાર્યક્રમના ઉદેશ અનુસારની તાલીમ પણ અપાઈ રહી છે.

**જીવનની પરિસ્થિતીનો સામનો કરવાની યોગ્યતાનુ નામ શિક્ષણ છે.**

## ડાયરેકટ એઈડ પ્રોગ્રામ

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારને લાંબો દરિયા કિનારો મળ્યો છે, જેના ફાયદાઓની સાથે સાથે કેટલાક ગેરફાયદાઓ પણ છે. જમીનની ખારાશ એ દરિયાકાંઠાના ખેડૂતોની મુખ્ય સમસ્યા રહી છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલીએ આ વિસ્તારના ખેડૂતો સાથે છેલ્લા પાંચેક વર્ષથી કામ કરવાની શરૂઆત કરી. સંસ્થાએ આ વિસ્તારમાં વૈવિધ્યસભર ખેતી પધ્ધતિથી ટકાઉ વિકાસ સંદર્ભે ખેડૂતો સાથે ચર્ચા કરી. નવી વૈજ્ઞાનિક પધ્ધતિઓ અમલમાં મુકી જેના સારા પરિણામો મળ્યા, પરંતુ એ ઘ્યાનમાં આવ્યુ કે વધારે કામતો ભુગર્ભ જળના વ્યવસ્થાપન માટે કરવાની જરૂર છે. આ વિસ્તારમાં પાણીના તળ પર વ્યવસ્થિત ઘ્યાન આપવામાં આવે તો ચોકકસપણે ખારાશની માત્રામાં ઘટાડો કરી શકાય.

ખેડુતો અને ખેતીના નિષ્ણાંતો સાથે ચર્ચા કરતા જણાયું કે સુક્ષ્મ પિયત પધ્ધતિ અને કુવાઓનું રીચાર્જીગ કરી સમસ્યાનું નિવારણ કરી શકાય. સંસ્થાએ આ બાબતને ઘ્યાન પર લઈ દરિયાઈ વિસ્તારના ખેડુતોને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે તે માટે કાર્ય કરી રહી હતી તેમાં ઓસ્ટ્રેલીયન કોન્સ્યુલેટ જનરલ, મુંબઈના ડાયરેકટ એઈડ પ્રોગ્રામનો સંપર્ક થતા તેમાં સહયોગ પ્રાપ્ત થયેલ છે.

<u>હેતુઓ</u>

૧. ખેડુતોને ખેતી માટે શ્રેષ્ઠ ટેક્નોલોજી પુરી પાડવી.
૨. એન્ટરપ્રિન્યોર દ્વારા સૂક્ષ્મ પિયતને પ્રોત્સાહન.
૩. જમીનની ઉત્પાદકતામાં સુધારો કરવો.
૪. આ વિસ્તારમાં પાણીની ગુણવતા સુધરે
૫. ખેતીમાં પાણી, ઉર્જા, પોષક તત્વો અને ખેડુતોના પ્રયાસની કાર્યક્ષમતામાં સુધારો.
૬. વિજળી અને પાણી જેવા દુર્લભ સ્ત્રોતોનું સંરક્ષણ કરવું.

**<u>સેવા</u>**

ગ્રામ્ય કક્ષાએ મીટીગ, વ્યકિતગત સંપર્ક, તાલીમ તથા કાર્યશાળા યોજી સુક્ષ્મ પિયત પધ્ધતિની શ્રેષ્ઠ ટેકનોલોજીના ઉપયોગ અંગે ખેડૂતોમાં સમજ આપવી. સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિના શ્રેષ્ઠ સાધનો ઓછી મહેનતે ખેડૂતોને પહોંચાડી તેની પિયતના સ્થળે સ્થાપના (ઈન્સ્ટોલેશન)કરવામાં મદદ અને માર્ગદર્શન આપવું સુક્ષ્મ પિયત પધ્ધતિના સાધનોની જાળવણી માટે માર્ગદર્શન તથા મરામત અંગેની ઝડપી સેવાઓ અવિરત એગ્રો પ્રોડયુસર કંુ.લી. એ સ્થાપેલ કર્મયોગી ઈરીગેશન આપે છે.

**<u>ફાયદા</u>**

આ પધ્ધતિ પરંપરાગત પધ્ધતિ કરતા ૬૦ ટકા થી વધારે પ્રમાણમાં પાણીનો બગાડ અટકાવે છે.

ક્ષારીય જમીનમાં ક્ષારથી ઉદ્ભવતી વિપરીત અસર ભેજની હાજરીને કારણે ઘટવાથી આવી જમીનમાં વધુ ઉત્પાદન લેવાનું શકય બને છે.

જમીનમાં રહેલા પોષક તત્વો જયારે જરૂર હોય ત્યારે પાકને સહેલાઈથી મળી શકે છે. કારણ કે પોષક તત્વનો સૌ પ્રથમ ભેજમાંના પાણીમાં દ્રાવ્ય થાય છે અને પછી જ ભેજ સાથે મૂળ દ્વારા તેનું અવશોષણ થાય છે. આમ આ પધ્ધતિમાં મૂળ વિસ્તારમાં ભેજ સતત જળવાતો હોય એ શકય બને છે.

ક્ષારયુકત (ખારા) પાણીનો પણ કાર્યક્ષમ ઉપયોગ કરી સારુ ઉત્પાદન મેળવી શકાય છે.

જમીનનું ધોવાણ અટકાવી શકાય છે.

આ કાર્યમાં વૈવિધ્યસભર ખેતી પધ્ધતિથી ટકાઉ વિકાસ તથા એન્ટરપ્રિનીયોર મોડલમાં સહયોગી બનેલ કોસ્ટલ સેલીનીટી પ્રીવેન્શન સેલ નો પણ શૈક્ષણિક અને આર્થિક ટેકો સાંપડેલ છે.

***પ્રાર્થના એ ઈશ્વર પાસે પહોચવાની પાંખ છે.***

**સાધારણ સભાઃ–**

અમરેલી જીલ્લા મહિલા ઔધોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૯/૬/૧૪નારોજ ૧૬ કલાકે રાખવામાં આવેલ છે. નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષિક હિસાબ, અંદાજપત્ર, આયોજન તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩ વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

સહી – વી. વી. કુકવાવ

તા. ૩૧/૦૫/૨૦૧૪ મંત્રી

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1 | Aarti B Nasit | 01-06-1976 |
| 2 | Ashok H Selar | 05-06-1975 |
| 3 | Arjan P Solanki | 18-06-1986 |
| 4 | Alpesh C Jogani | 28-06-1981 |
| 5 | Bharat G Mehta | 01-06-1967 |
| 6 | Bhavbhai J Bhammar | 01-06-1988 |
| 7 | Bharti R Patel | 01-06-1968 |
| 8 | Bharat B Rathod | 06-06-1985 |
| 9 | Bharti H Patel | 06-06-1978 |
| 10 | Dhirubhai Dodiya | 01-06-1976 |
| 11 | Dhirubhai Chaudhri | 01-06-1970 |
| 12 | Darshan A Vyas | 14-06-1985 |
| 13 | Dipak Kapadiya | 18-06-1979 |
| 14 | Hemant L Parmar | 13-06-1986 |
| 15 | Jayendra M Jadeja | 01-06-1966 |
| 16 | Jaya H Halpati | 02-06-1989 |
| 17 | Jyotika H Makvana | 12-06-1971 |
| 18 | Jagruti B Upadhyay | 13-06-1979 |
| 19 | Kiran G Tantel | 01-06-1985 |
| 20 | Kunjal B Khakhr | 07-06-1978 |
| 21 | Laduben R Solanki | 01-06-1970 |
| 22 | Mahendra M Ram | 01-06-1990 |
| 23 | Manjuben Makvana | 01-06-1973 |
| 24 | Mobat Solanki | 01-06-1976 |
| 25 | Manisha Goswami | 01-06-1982 |
| 26 | Manilal S Gavit | 01-06-1977 |
| 27 | Minaxi K Der | 05-06-1982 |
| 28 | Mavji S Sosa | 23-06-1985 |
| 29 | Naranbhai M. Baku | 01-06-1989 |
| 30 | Nayna D Kapdiya | 01-06-1978 |
| 31 | Navlika B. Patoliya | 02-06-1991 |
| 32 | Puriben Zala | 01-06-1991 |
| 33 | Raysing A. Dodiya | 01-06-1968 |
| 34 | Ramji B Baraiya | 01-06-1981 |
| 35 | Rekha Z Dhaduk | 01-06-1970 |
| 36 | Rupal K Kakdiya | 05-06-1981 |
| 37 | Rajesh L Bamta | 08-06-1970 |
| 38 | Rinaben Kothiya | 23-06-1983 |
| 39 | Suresh Gohil | 01-06-1962 |
| 40 | Sajit N. Rathod | 01-06-1987 |
| 41 | Sonal L Borisagar | 25-06-1981 |
| 42 | Sonal V Kakar | 26-06-1991 |
| 43 | Vijyaben V.kukvav | 01-06-1962 |
| 44 | Vimlaben Bana | 01-06-1965 |
| 45 | Pravin Dungariya | 01-06-1986 |

**Engage on this month**

3 Meeting with RTE education team for strategic planning

5-6 State level meeting for Ekalnari.

10 Project staff selection.

15 Audit for CADP-II and MIS project.

15-28 Leprosy colony visit, Bhavnagar.

17 CADP-II review meeting at DWSC Junagadh

17 Sanitation work in CADP-II Project target discussion MOU with DRDA Junagadh

13-16 PU managers training of CC project.

15-16 Orientation of organisational work and better cotton initiative for selected CC project team members

19-20 Staff TOT for CC project at KVK Targhadia

24 Legal training for NS members.

13-26 Leprosy colony visit, Junadadh.

23-28 Kit distribution for maru khetar kare sat vakhat vavetar

26-30 Autocad training, Gandhinagar

29-30 Baisic training of BCI

30 FPO meeting, Sajjata sangh

31 Meeting with representative of CBOs and the partner organisations of CSPC

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ચારિત્ર્યનો પાયો સતકર્મ છો અને સતકર્મનો પાયો સત્ય છે.**